Entrepreneurship Development
Institute of India

**અખબારી યાદી**

# ઇડીઆઇઆઇએ વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર્સ માટે પાંચ દિવસીય નિઃશુલ્ક આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેટર્સ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજ્યો

**ગાંધીનગર, ગુજરાત, 09 જુલાઇ, 2022**: ઇનોવેશનને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે ઇડીઆઇઆઇ વિવિધ યુનિવર્સિટીઝ સાથે મળીને પાયાના સ્તરે કામ કરી રહ્યું છે. તેની શરૂઆત ઉત્તરપ્રદેશ (યુપી)ના માનનીય રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી થઇ છે, જેમણે યુપીની યુનિવર્સિટીઝને ઇડીઆઇઆઇ સાથે સહયોગ કરવા તથા રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાના માટે અનુકૂળ માહોલ તૈયાર કરવાનું સૂચન કર્યું છે. અત્યાર સુધીમાં એમએમએમયુટી, સીએસજેએમ, એકેટીયુ, એસવીપીયુએએન્ડટી જેવી યુનિવર્સિટીઝે રોપમેપ ઉપર કામ શરૂ કરી દીધું છે. આ અંતર્ગત ઇડીઆઇઆઇ દ્વારા પાંચ યુનિવર્સિટી અને એક ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 20 પ્રોફેસર્સને નિઃશુલ્ક ટ્રેનિંગ આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ 4 જુલાઇ, 2022થી શરૂ થઇને 8 જુલાઇ, 2022ના રોજ સમાપ્ત થઇ હતી.

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ), અમદાવાદના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ ટ્રેનિંગ પ્રોગ્રામની શરૂઆત કરાવી હતી તથા પ્રોફેસર્સને સંબોધન કરતાં ઉદ્યોગસાહસિકતાની મહત્વતા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, “આપણે આત્મનિર્ભર બનવા માટે વિદ્યાર્થી જીવનથી જ ઉદ્યોગસાહસિકતાને અપનાવવી પડશે. તેમણે યુનિવર્સિટીના ચાન્સેલર્સની પ્રશંસા કરતાં કહ્યું હતું કે હાલમાં યુનિવર્સિટીઝની લીડરશીપ જાગૃક અને અગ્રેસર છે, જે શુભ સંકેત છે.”

ઇડીઆઇઆઇ અમદાવાદ ખાતે પોલીસી એડવોકેસી અને રિસર્ચ વિભાગના ઇન-ચાર્જ ડો. અમિત કુમાર દ્વિવેદીએ કહ્યું હતું કે, “શૈક્ષણિક સંસ્થાનના પ્રોફેસર્સને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.”

આ પાંચ દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામમાં ઉત્તર પ્રદેશની પાંચ યુનિવર્સિટી અને છત્તિસગઢની એક ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 20 સહભાગીઓને ટ્રેનિંગ અપાઇ હતી, જેમાં ભીમરાવ આંબેડકર વિશ્વવિદ્યાલય- લખનઉના પાંચ, દીનદયાલ ઉપાધ્યાય ગોરખપુર વિશ્વવિદ્યાલય ગોરખપુરના છ, મહાયોગી ગોરખનાથ વિશ્વવિદ્યાલય - ગોરખપુરના એક, વીર બહાદુર સિંહ પૂર્વાંચલ વિશ્વવિદ્યાલય - જોનપુરના ત્રણ, જનનાયક ચંદ્રશેખર

વિશ્વવિદ્યાલય - બલિયાના ત્રણ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી – રાયપુર-છત્તિસગઢના બે સહભાગીઓ ઇડીઆઇઆઇમાં આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેટર્સ ઓરિએન્ટેશન પ્રોગ્રામની તાલીમ પ્રાપ્ત કરી હતી, જેથી તેઓ પોતાની યુનિવર્સિટીમાં મેન્ટરશીપ કરી શકે.

પાંચ દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓને વર્તમાન સમયમાં ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે ઉપલબ્ધ તકો, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ નાણાકીય સહાય યોજનાઓ, વિદ્યાર્થીઓ માટે નવા કોર્સ તૈયાર કરવા, વિદ્યાર્થીઓના આઇડિયાને સ્ટાર્ટ-અપ માટે પસંદ કરવા, ઇન્ક્યુબેશન અને પ્રી-ઇન્ક્યુબેશનની પ્રણાલી તથા સંસ્થાની અંદર ઉદ્યોગસાહસિકતાનો માહોલ વિકસિત કરવાનો હતો.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના ગાંધીનગરમાં હેડક્વાર્ટર ધરાવતા ઇડીઆઇઆઇએ વિવિધ રાજ્યોમાં તેની રિજનલ અને પ્રોજેક્ટ ઓફિસ સ્થાપિત કરી છે, જ્યાંથી રાજ્યના ઉદ્યોગસાહસિકતાના વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સનું સંચાલન કરવામાં આવે છે. આંત્રપ્રિન્યોરશીપ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, અમદાવાદ ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય તરફથી સેન્ટર ઓફ એક્સલન્સની માન્યતા ધરાવે છે. આ સંસ્થાન શિક્ષણ, સંશોધન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપતું એક નેશનલ રિસોર્સ ઓર્ગેનાઇઝેશન છે. ઇડીઆઇઆઇને જનરલ (નોન-ટેક્નીકલ) કેટેગરીમાં અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન્સ ઓફ ઇનોવેશન અચિવમેન્ટ્સ (એઆરઆઇઆઇએ) 2021 દ્વારા સંસ્થાનોની રેન્કિંગમાં પ્રથમ સ્થાન અપાયું છે.

-X-X-X-

For more information please contact
Nirupam Banerjee 9825984727/ Hiral Oza 7043901987